GJKT090020642024

આંક-૧૯
દાખલ કર્યા તારીખ -૦૩/૦૮/૨૦૨૪
નોંધણી કર્યા તારીખ-૦૩/૦૮/૨૦૨૪
ફેંસલ કર્યા તારીખ- ૧૧/૦૮/૨૦૨૬

અવધી:- વર્ષ-માસ,-દિવસ
૦૨ ૦૦ ૦૮

---

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજસાહેબની કોર્ટમાં,મું.ભચાઉ-કચ્છ.**

---

**દિ.પ.અ.નં.૨૧/૨૦૨૪**

**સ્વ.સોઢા ગાંગજી તેજમાલજીના વારસો**
**(૧) ક્રિષ્ણાબા ગાંગજી સોઢા**
ઉ.વ.૬૮,ધંધો-ઘરકામ,ધર્મે-હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ-કચ્છ.
**(૨) નટુભા ગાંગજી સોઢા**
ઉ.વ.૪૬,ધંધો-ખેતી,ધર્મે-હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ-કચ્છ.
**(૩) મેઘુભા ગાંગજી સોઢા**
ઉ.વ.૪૩,ધંધો-ખેતી,ધર્મે-હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ-કચ્છ.
**(૪) જીતુભા ગાંગજી સોઢા**
ઉ.વ.૩૯,ધંધો-ખેતી,ધર્મે-હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ-કચ્છ. **............અરજદારો**

**<u>વિરુધ્ધ</u>**

**(૧) સ્વ.જાલુભા વણોજી ઉર્ફે વણવીરજી જાડેજાના વારસો**
**(૧.૧) મધીબા જાલુભા જાડેજા**
ઉ.વ.પ૬,ધંધો-ઘરકામ,ધર્મે-હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ-કચ્છ.
**(૧.૨) કૈલાશબા જાલુભા જાડેજા**
ઉ.વ.૨૭,ધંધો-ઘરકામ,ધર્મે-હિન્દુ,

રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૧.૩) લક્ષ્મણસિંહ જાલુભા જાડેજા**
ઉ.વ.૨૫,ધંધો–ખેતી,ધર્મે–હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૧.૪) મગજીબા જાલુભા જાડેજા**
ઉ.વ.૨૩,ધંધો–ઘરકામ,ધર્મે–હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૧.૫) ગાયત્રીબા જાલુભા જાડેજા**
ઉ.વ.૨૩,ધંધો–ઘરકામ,ધર્મે–હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૧.૬) હરપાલસિંહ જાલુભા જાડેજા**
ઉ.વ.૧૯,ધંધો–ખેતી,ધર્મે–હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૨) વેલુભા વણોજી ઉર્ફે વણવીરજી જાડેજા**
ઉ.વ.૬૧,ધંધો–ખેતી,ધર્મે–હિન્દુ,
રહે.મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૩) અનીરૂધ્ધસિંહ જાલમસિંહ બારડ**
ઉ.વ.૪૩,ધંધો–ખેતી,ધર્મે–હિન્દુ,
રહે. રામેશ્વર બી.૯૦,એસ્ટ્રોન સોસાયટી
શેરી નં.૧,અમીનમાર્ગ,રાજકોટ.
**(૪) હંસાબેન સુરેશચંદ્ર સાવલા**
ઉ.વ.પુખ્ત,ધર્મે–હિન્દુ, ધંધો–ખેતી
**(૫) મીશીલ સુરેશચંદ્ર સાવલા**
ઉ.વ.પુખ્ત,ધર્મે–હિન્દુ, ધંધો–ખેતી
**(૬) વિરલ સુરેશચંદ્ર સાવલા**
ઉ.વ.પુખ્ત,ધર્મે–હિન્દુ, ધંધો–ખેતી
રહે.તમામ મુ.પો.શીવલખા,તા.ભચાઉ–કચ્છ.
**(૭) શ્રી ગુજરાત સરકાર**
તે તેના પ્રતિનિધી કલેકટરશ્રી મારફતે
જીલ્લા સેવા સદન,ભુજ(કચ્છ.)
**(૮) નાયબ કલેકટરશ્રી**
મધ્યસ્થ સેવાસદન,ભચાઉ(કચ્છ)
**(૯) મામલતદારશ્રી,**
તાલુકા સેવા સદન,ભચાઉ(કચ્છ.) **...........સામાવાળાઓ**

---

બાબત:–સી.પી.સી ઓર્ડર–૯ રૂલ–૪ તળે દાવો રીસ્ટોર કરવા માટેની અરજી અંગે....

---

વકીલ શ્રી:–અરજદારો તરફે વિ.વકીલ શ્રી એન.વી.રાઠોડ
સામાવાળાઓ તરફે વિ.વકીલ શ્રી જે.એચ.વ્યાસ

---

**–:: જજમેન્ટ ::–**

(૧) અરજદારોની અરજીની ટુકમા હકીકત એવી છે કે, તેઓએ સ્પે.દિવાની દાવા નં.૮/૨૦૧૯ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ. સદરહુ દાવામાં આંક–૧૪ થી વાદીના વારસો રેકર્ડ

ઉપર લાવવાની અરજી રજુ રાખેલ જે મારા પુરોગામીશ્રીએ મંજુર કરેલ. આ હુકમ કરવામા આવેલ હોય તેમ છતાં વાદી દાવાઅરજીમાં સુધારો કરતા ન હોય તેઓ સુધારેલી દાવાઅરજી રજુ રાખતા ન હોય તે કારણથી વાદીનો દાવો  ડીસમીસ ફોર ડીફોલ્ટ થી કાઢી નાખવામા આવેલ છે જે રીસ્ટોર કરવા માટે હાલની અરજી રજુ કરેલ છે

(૨) ઉપરોકત અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરતા જે નોટીસ બજી જતા સામાવાળા નં.૩ તરફથી વકીલશ્રી હાજર થયેલ છે અને તેઓએ આંક–૧૪ થી વાંધાઅરજી રજુ રાખેલ છે તેમજ વાંધા અરજીના સમર્થનમાં માર્ક–૧૫/૧ તેમજ માર્ક–૧૬/૧ થી દસ્તાવેજો રજુ રાખેલ છે તેમજ સામાવાળાએ આંક–૧૮ થી લેખીત દલીલ પણ રજુ રાખેલ છે.

(૩) અરજદારની વિ.વકીલશ્રી તરફથી તેમનો દાવો રીસ્ટોર કરવા માટે  એ મુજબની રજુઆત કરવામા આવેલ છે કે, વાદીના વકીલશ્રીને દર મંગળવારે તારીખ આપવામા આવતી હોય તેમજ હાલનો દાવો તા.૧૮/૯/૨૦૨૪ ના રોજ ડીસમીસ કરેલ હોય જે બુધવાર હોય અને વાદીના વકીલ તા.૧૭/૯/૨૦૨૪ ના રોજ કોર્ટમાં હાજર હોય કોર્ટમા કાર્યરત ઇ–કોર્ટ કાર્યક્રમ અપટેડમાં હોય અને કેસ તા.૧૮/૯/૨૦૨૪ના રોજ ઇ–કોર્ટમાં અપડેટ થઇ જતા વાદીને સાચી તારીખની જાણ થયેલ નહી. વાદીને દાવો ડીસમીસ થયાની જાણ તા.૧૯/૯/૨૦૨૪ ના રોજ થતા તેની ખરીનકલ મેળવી તા.૩/૧૦/૨૦૨૪ ના રોજ સમયમર્યાદામાં હાલની અરજી દાખલ કરેલ છે. વાદીનો કેસ મેરીટ ઉપર સારો છે અને ટેકનીકલ કારણસર વાદીનો દાવો રીસ્ટોર કરવામા ન આવે તો વાદીના હકકોને ગંભીર નુકશાન થાય તેમ હોય વાદીનો દાવો રીસ્ટોર કરવા અરજ ગુજારેલ છે.

(૪) સામાવાળા નં.૩  તરફે વિ.વકીલશ્રી  તેમની દલીલમાં જણાવે છે કે, વાદીએ મુળ દાવામાં લાંબા સમય સુધી સુધારલી દાવાઅરજી રજુ કરેલ નથી. મુળ દાવાના કામે વાદીની

આંક–૧૯ ની અરજી નીચે પણ કોર્ટે છેલ્લી તક આપવા છતાં વાદીએ સુધારો કરેલ નથી. વધુમાં માર્ક–૧૬/૧ થી કોર્ટનું રોજકામ રજુ રાખવામા આવેલ છે જે જોતા વાદીએ કોર્ટનું પ્રોસીડીંગ્સ આગળ ચલાવવામા ઉદાસીનતા દાખવેલ હોય વાદીની અરજી મંજુર થવાપાત્ર જણાઈ આવતી નથી તેમજ રીસ્ટોરેશન માટે વાદીએ યોગ્ય અને પુરતુ કારણ રજુ રાખેલ નથી. પ્રતિવાદીએ તેમની દલીલના સમર્થનમાં નામ.સર્વોચ્ચ અદાલતના બલવંતસીંઘ વિરુધ્ધ જગદીશસીંઘ, કુલચંદ વિરુધ્ધ વલભ્ભદાસ અગ્રવાલ નામ.કલકતા હાઈકોર્ટના ચુકાદા પર આધાર રાખેલ છે.

(૫) ઉપરોકત હકીકતે બંને પક્ષના વિ.વકીલશ્રીને સાંભળ્યા તેમજ અરજીનું રેકર્ડ વંચાણે લીધું. વાદીએ તેમની અરજી સાથે મારા પુરોગામીશ્રીએ વાદીનો દાવો ડીસમીસ કરતો હુકમ કે જે આંક–૧ નીચે પસાર કરવામા આવેલ છે તે રજુ કરવામા આવેલ છે જે હુકમના પારા–૨ માં દાવાનું કામ લાંબા સમયથી પ્રતિવાદીઓને નોટીસની બજવણી માટે રાખવામા આવેલ છે અને વાદીને પુરતો સમય આપવા છતાં વાદી પ્રતિવાદીઓને પ્રોસેસની બજવણી કરતા નથી તેવું મારા પુરોગામીશ્રીએ અવલોકન કરેલ છે. આ અંગે અરજીનું રેકર્ડ જોતા કેસમાં એક થી વધુ પ્રતિવાદીઓ હોય તેવા કિસ્સામાં વાદી જો અમુક પ્રતિવાદીઓને બજવણી ના કરી શકે તો તે દાવો તેટલા પ્રતિવાદી પુરતો સી.પી.સી.ઓર્ડર–૯ રૂલ–૫ અન્વયે ડીસમીસ કરવામા આવે છે. વાદી માત્ર અમુક પ્રતિવાદીઓને બજવણી ના કરી શકતા હોય તે કારણથી સંપુર્ણ દાવો ડીસમીસ થવાને પાત્ર રહેતો નથી.

(૬) વધુમાં વાદીએ આંક–૧૪ અન્વયે ગુજરનાર વાદીના વારસોને રેકર્ડ ઉપર લાવવાની અરજી રજુ રાખેલ છે. તે અરજી નીચે કોર્ટ ધ્વારા તા.૮/૮/૨૦૨૩ ના રોજ વાદીની અરજી મંજુર કરવામા આવેલ છે. જે અન્વયે વાદીના વિ.વકીલશ્રી તરફથી તે મુજબની રજુઆત કરવામા આવેલ છે કે, વાદીએ હુકમ મુજબ સુધારો કરેલ છે પરંતુ સુધારેલી દાવાઅરજી રજુ રાખેલ નથી. આ સંદર્ભે ડીસ્પોઝલ થયેલ કેસનું રેકર્ડ જોવામા આવે તો તેમાં વાદીએ મુખ્ય

દાવાઅરજીમાં સુધારો કરેલ છે પરંતુ સુધારેલી દાવાઅરજી રજુ રાખેલ નથી. આમ, વાદીએ મુખ્ય દાવાઅરજીમાં સુધારો કરેલ હોય તેની માત્ર સુધારેલી દાવાઅરજી રજુ રાખેલ ન હોય તે કારણથી વાદીનો દાવો રીસ્ટોર ન કરવો જોઇએ તે યોગ્ય જણાતુ નથી. માની લેવામા આવે કે વાદીએ હુકમ મુજબ મુખ્ય દાવાઅરજીમાં સુધારો કરેલ નથી તો તેવા કિસ્સામાં પણ સુધારો કરવા માટે કોર્ટ ધ્વારા જે સમય આપવામા આવે છે તે સમયમાં વાદી સુધારો ન કરે તો દાવાઅરજીમાં જાણે કે કોઈ સુધારો મંજુર કરવામા આવેલ નથી તે રીતે સુધારા પહેલા જે મુળ દાવાઅરજી હતી તે રીતે કેસ આગળ ચાલે છે. આમ, સુધારેલી દાવાઅરજી રજુ કરાવવામા થયેલ વિલંબના લીધે વાદીનો દાવો રીસ્ટોર કરવો ના જોઇએ તે બાબત યોગ્ય જણાતી નથી. પ્રતિવાદી તરફથી જે ચુકાદાઓ રજુ રાખવામા આવેલ છે તે હાલના કેસની હકીકતને લાગુ પડતા હોય તેવું જણાઇ આવતુ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તેમજ સામાવાળાએ કોર્ટના પ્રોસીડીગ્સ રજુ રાખેલ છે તે જોતા કેસ સુધારેલી દાવાઅરજી રજુ થવા તેમજ અન્ય પ્રતિવાદીઓના વારસો અને નોટીસ બજવા પર હોય દાવાનું સંપુર્ણ સ્ટેજ વાદીનું ના હોય વાદીને તેમના દાવામાં તેમનો પક્ષ રાખવા માટે એક તક આપવી યોગ્ય જણાતી હોય, આથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે .

**-:: હુકમ ::-**

અરજદારો/વાદીઓની દાવો રીસ્ટોરેશનની અરજી આથી '' **મંજુર** '' કરવામા આવે છે અને મુળ દાવાની મુદત **તા.૦૮/૦૯/૨૦૨૬** મુકરર કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૧મી, માહે-ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬ સહી/-

મુ.ભચાઉ-કચ્છ. **(વિશાલકુમાર યોગેશકુમાર ત્રિવેદી )**

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,ભચાઉ-કચ્છ.**

**કોડ નં.જી.જે.૦૧૨૮૭**